

કરે ચારકામ એકમેકનાં, મગજે રાઇ છે
છે હળેલા-મળેલા નેતાઓ, પ્રજા વચ્ચે ખાઇ છે
સ્વાર્થના રાખે છે સૌ સંબંધો પક્ષો એકમેકથી
છે બધા ઘંટીના ચોરનારા સંબંધે ભાઇ છે..
(પવાર-ગડકરી, ભાગીદાર)

વાતો છે ડાહી
બાઇ બાઇ ચારણી
આર ટી આઇ..
(અંજલિ દામનિયા)

કરશું માફ!
ચોરી-ખૂનના ગુન્હા -
બધું મફત..
(ચૂંટણી વાયદા)

ચિંતન

દુર્જનઃ પ્રિયવાદી ચ નૈત વિશ્વાસ કારણમ્ ।
મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે હૃદયે તુ હલાહલં ॥

'દુર્જન લોકો મીઠી-મધુરી વાણી બોલનાર હોય તેથી કાંઇ વિશ્વાસ પાત્ર થઇ જતા નથી કેમ કે, એની જીભને ટેરવે તો મધ હોય છે, પણ હૃદયમાં તો હળાહળ-ભયંકર ઝેર ભર્યું હોય છે.'

કેટલાક લોકો વધુ પડતી નમ્રતા-વિવેક અને મધુરવાણી દ્વારા પોતાની 'વિવેકી' છાપ અને મધુરવાણી દ્વારા પોતાની 'વિવેકી' છાપ ઉપસાવવાના પ્રયત્ન કરતા હોય છે. થોડી પણ 'સામાન્ય બુધ્ધિ' ધરાવનાર લોકો આવાં લોકોને તરત પારખી પકડી પાળે છે.

જીવનમાં નમ્રતા-વિવેક-મધુર વચન જરૂરી છે પણ એની મર્યાદા હોય જયારે સ્વાર્થ ને આવા શબ્દો નીચે સંતાડીને પોષવામાં આવતો હોય કે કોઇ સત્તા અને સમૃધ્ધિવાનને પ્રસન્ન કરવાની એષણા ઓઢાડીને 'નમ્રતા' નૃત્ય કરતી હોય ત્યારે ભૂંડી લાગે છે.

આવા વધારે પડતા નમ્ર-વિવેકી લોકો દંભી તો હોય જ છે પણ સાથે સાથે એમનાં હૃદયમાં હળાહળ-ઝેર ભરેલું હોય છે. જેમની સામે વિનય-વિવેકની આળપંપાળ કરી હોય એને વિષનો ઊંડો ડંખ આપતાં પણ આવા લોકો અચકાતા નથી.

સુવિચાર

- પરતંત્રતામાં સમાજનો 'સ્વ' દબાઇ જાય છે એટલે જ રાષ્ટ્ર સ્વતંત્રતાની ઇચ્છા રાખે છે **- દીનદયાળ ઉપાધ્યાય**
- યાદ રાખો, સ્વતંત્રતાનું મૂલ્ય તો તમારે ચૂકવવું જ પડશે, તે ભીખ માગવાથી નથી મળતી તેનું મૂલ્ય લોહી છે **- સુભાષચંદ્ર બોઝ**
- સ્વાતંત્ર્યજી જીવંત આનંદ છે પરાધીનતામાં મૃત જીવનનો અનુભવ થાય છે **- યશપાલ**
- વ્યક્તિની જેમ 'રાષ્ટ્ર'નો પણ નાશ અને નિર્માણ થાય છે પણ સભ્યતા-સંસ્કૃતિ નષ્ટ થતી નથી **- મેજિની**
- જે ગમે તેવી સમસ્યાઓનો સામનો કરી વીરતાપૂર્વક લડી શકે અને સફળતા પ્રાપ્ત કરે તે જ રાષ્ટ્ર મહાન છે **- મહાત્મા ગાંધી**
- રાષ્ટ્ર તમારે માટે શું કરી શકે એમ વિચારવાને બદલે, રાષ્ટ્ર માટે હું શું કરી શકું એમ જાતને પૂછો **- જ્હોન એફ કૅનેડી**
- એક રાષ્ટ્રનું નિર્માણ થતાં હજારો વર્ષ લાગે પણ યુધ્ધ-અશાંતિકાળમાં એક કલાકમાં તે ધરાશાયી થઇ શકે છે **- બાયરન**

બોધ કથા

જયારે આપણા હાથમાં સમય હોય ત્યારે આપણે ગંભીરતાથી લીધા વિના, કર્તવ્ય-ફરજ બજાવતા નથી પછી પશ્ચાતાપ કરવાનો શો અર્થ - જયારે યુવાન વય ત્યારે શરીરની કાળજી, નિયમિતતા-સાચવણ રાખી નહીં અને પછી જયારે શરીર રોગનું ઘર થઇ જાય ત્યારે અફસોસ કરવો, વિદ્યાર્થી અવસ્થામાં ભણ્યા નથી, રખડી ખાધું પછી 'બેકારી'માં પશ્ચાતાપ કરવાનો શો અર્થ?

એક કાગડો ઝાડ પર બેસી સૂકો રોટલો ચાવવામાં વ્યર્થ સમય કાઢતો હતો, ચાંચ ભાંગે પણ રોટલો ન ભાંગે! ત્યાં તેનો એક મિત્ર કાગડો આવ્યો અને કહ્યું, આ બટકાં રોટલા પાછળ સમય બગાડ્યા વિના બાજુના ધાબે જા, કોઇએ 'વાસ' નાખી છે. 'દૂધપાક'નો સ્વાદિષ્ટ ભાત પડ્યા છે કોઇ છે નહીં, હું તો ધરાઇને ખાઇ આવ્યો છું.

પેલો કાગડો આળશું હતો અને બટકું રોટલો આવવામાં જ મસ્ત હતો. આચરે ચાંચ દુખવા આવી ત્યારે 'દૂધપાક' યાદ આવ્યો. રોટલાનું બટકું ફેંકી-દૂધપાક ખાવા ગયો.

... ત્યાં એક મોટો બિલાડો બાકી રહેલો દૂધપાક ચાટતો હતો.

હંમેશાં 'પછી' પર મૂકેલાં કાર્યોમાં કંઇ પણ સફળતા મળતી નથી.

રોજીંદી અંદાજિત ૪ લાખ રૂપિયાની તેમજ માસિક ૧ કરોડ ૩૦ લાખ રૂપિયાની આવક કરતા ડેપોમાં બધુ મળીને ૫૦૦ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યાં છે

ગાંધીનગર એસ.ટી.ડેપો પાટનગરના પરિવહનનો પર્યાય

- અહેવાલ અને તસ્વીરો : અજય ઉપાધ્યાય

ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર હોવા ઉપરાંત રાજ્યના ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે. શહેરમાં આવેલી રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ - વિધાનસભા તેમજ સચિવાલયની સાથે સાથે શહેરની અંદર તેમજ આસપાસ ઝડપથી વિકસીત થઈ રહેલા અનેક શૈક્ષણિક સંકુલોને લીધે શહેરમાં વિવિધ કાર્યો માટે આવતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતો જોવા મળે છે.

અસંખ્ય લોકોની અવર જવરથી ધમધમતાં ગાંધીનગરમાં પરિવહનના અનેક સાધનો ઉપલબ્ધ છે. પરંતુ આ સૌમાં સેકટર-૧૧માં પથિકાશ્રમની બાજુમાં આવેલો ગાંધીનગર એસ.ટી. ડેપો મહત્ત્વનું અને આગવું સ્થાન ધરાવે છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોની સ્થાપના ૮મી નવેમ્બર ૧૯૭૧ ના રોજ કરવામાં આવેલ. આ નવેમ્બર મહિનામાં સ્થાપનાનાં ૪૨ વર્ષો પુરા કરનાર એસ.ટી.ડેપો. સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરીને મુસાફરોની પરિવહન ક્ષમતામાં નોંધનીય ફાળો આપી રહેલ છે.

ગાંધીનગર ડેપોમાંથી શહેરી અને ગ્રામ્ય બધાં મળીને લગભગ ૮૬ રૂટો પર બસો દોડાવાઈ રહી છે. જેમાં અંદાજે ૧૦૫ બસોનો ઉપયોગ થઈ રહ્યો છે. જેમાં ૧૧ બસો ઓ.એન.જી.સી. દ્વારા કોન્ટ્રાક્ટ પધ્ધતિથી ચલાવાઈ રહી છે. ડેપો દ્વારા ચલાવતો સૌથી લાંબો રૂટ ગાંધીનગરથી ભૂજનો છે.

૧૬ જેટલાં પ્લેટફોર્મ પરથી ઉપડતી બસો ઉપરાંત ડેપોમાં ગાંધીનગરથી અમદાવાદ જવા માટેની બસો માટેનું આ અલાયદુ પ્લેટફોર્મ પણ છે.

રોજીંદી અંદાજિત ૪ લાખ રૂપિયાની તેમજ માસિક ૧ કરોડ ૩૦ લાખ રૂપિયાની આવક કરતા ડેપોમાં બધુ મળીને ૫૦૦ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યાં છે. અને વિવિધ રૂટો દ્વારા રોજના લગભગ ૨૦,૦૦૦ જેટલા મુસાફરોની હેરફેર થઈ રહી છે.

ડેપોની અંદર જ આવેલા અધ્યત વર્કશોપમાં વાહનોની જાળવણી તથા સમારકામ માટેની સુવિધાઓ ઉપલબ્ધ છે. વર્કશોપમાં ૪૦ જેટલાં કર્મચારીઓ તથા ૨૦ જેટલાં એપ્રેન્ટીસો વાહનોની રોજબરોજની જાળવણી તેમજ સમારકામ જેવા કાર્યો કરી રહ્યાં છે. વર્કશોપમાં કામ કરતાં કર્મચારીઓ માટે દવા - સારવાર તેમજ પીવાના પાણી તેમજ પીવાના પાણી તેમજ શૌચાલય જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

(એસ.ટી.ડેપોમાં જોવા મળેલ ગંદકીની તસ્વીરો)

(સદાય મુસાફરોથી ધમધમતું ગાંધીનગરનું એસ.ટી. બસ સ્ટેન્ડ)

બારે માસ મુસાફરોથી ઉભરાતાં એસ.ટી.ડેપોમાં સુવિધાઓની વાત કરીએ તો મુસાફરો માટે શૌચાલય - બુકીંગ ઓફીસ, નાસ્તા કરવા માટે કેન્ટીન, વિવિધ સામગ્રીઓની દુકાનો - બેસવા માટે વિશાળ માત્રામાં બાંકડાઓ - બસોનું સમયપત્રક - જેવી સુવિધાઓ જોવા મળે છે. આ ઉપરાંત આધુનિક સમય સાથે તાલ મિલાવતા ઓનલાઈન રીઝર્વેશનની વ્યવસ્થા પણ છે. વિદ્યાર્થીઓ તથા કાયમી આવ-જા કરતા મુસાફરો માટેના માલ-સામાનની વ્યવસ્થા ધરાવે છે. આ ઉપરાંત માલ-સામાનની હેરફેર માટે પાર્સલ બુકીંગ અને પાર્સલ રૂમની સગવડતા પણ છે.

(હાલમાં ડેપો મેનેજર વાય.કે. પટેલ)

વિશાળ જગ્યા ધરાવતાં ગાંધીનગર એસ.ટી.ડેપોમાં 'પે એન્ડ પાર્ક' પધ્ધતિએ પાર્કીંગની સુવિધા પણ મળી રહે છે. આ ઉપરાંત નયનરમ્ય બગીચાઓ પણ બનાવવામાં આવ્યાં છે.

મુસાફરોની સગવડતા માટે ગાંધીનગર - સરખેજ રૂટમાં ૨૦ લૉ-ફ્લૉર બસો મુકાયેલ છે. જેનાથી મુસાફરોને બસમાં ચડવા - ઉતરવામાં આસાની રહે. અંબાજી - દાહોદ - વડોદરામાં થતા મેળાઓ વખતે તેમજ તહેવારો વખતે વધારાની બસો દોડાવીને મુસાફરોને મદદરૂપ થાય છે. સાળાઓ તેમજ સામાજિક સંસ્થાઓ માટે રાહત દરે પ્રવાસ માટેની બસોની ફાળવણી પણ કરાય છે.

હાલમાં ડેપો મેનેજર તરીકે ફરજ બજાવતા વાય.કે. પટેલે ગાંધીનગર એસ.ટી.ડેપોમાં થઈ રહેલા અને થનારા ફેરફારો અને મુસાફર લક્ષી વિગતોનો ચિતાર આપ્યો. તેમના જણાવ્યાં પ્રમાણે પર્યાવરણને ધ્યાનમાં રાખીને તાજેતરમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને તાજેતરમાં પ્રદૂષણ મુક્ત વાહનોની જરૂરિયાત પર ભાર મુક્તા યુરો-૩ અને યુરો-૪ સ્ટાન્ડર્ડ પ્રમાણે વાહનોને તબદીલ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે. આ ઉપરાંત મુસાફરો માટે ઠંડા પાણીના કુલરની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્ય સરકારના સૌર ઉર્જા મિશન અંતર્ગત ડેપોમાં 35 KPV ઉર્જા ઉત્પન્ન કરી શકે તેવી સૉલાર પૅનલ લગાડવામાં આવી છે. મુખ્ય બસ મથકમાં મુસાફરોના મનોરંજન માટે LED પૅનલ લગાવાયેલ છે. તેમજ બેસવા માટે નવી પાઉડર કોટેડ બેન્ચો ગોઠવાયેલ છે. આ ઉપરાંત સ્ટેન્ડોના રીનોવેશન કરીને તેને વધુ આકર્ષક તથા સુવિધાસભર બનાવાયેલ છે.

તેમનાં જણાવ્યા પ્રમાણે મુસાફરોની માગણીને ધ્યાને લઈને બસોનું Stopage ની સંખ્યામાં વધારો કરેલ છે. આ ઉપરાંત ખાનગી ઓપરેટરોની હરિફાઈને પહોંચી વળવા રાત્રી બસોના આહવા - પોરબંદર - સૂરત જેવા નવા રૂટો ચાલુ કરાયેલ છે. જેમાં આરામદાયક સ્લીપર કોચ ધરાવતી બસો મુકવામાં આવેલ છે.

તેમજ પોલીસની મદદથી ડેપોની અંદર કે આજુબાજુથી મુસાફરોની ગેરકાયદે હેરાફેરી કરતા વાહનોને અટકાવવાની કામગીરી કરી જેથી ડેપોની આવકમાં ૧૦% જેટલો વધારો થયેલ છે.

તેમના જણાવ્યા મુજબ સચિવાલયના કર્મચારીઓની ફરિયાદોને ધ્યાનમાં લઈને સવાર અને સાંજના વધુ ફસો ફાળવેલ છે. તે ઉપરાંત ગાંધીનગરની આસપાસના ગુડા વિસ્તાર તથા શૈક્ષણિક વિસ્તારોને બસોની સુવિધા મળી રહે તે માટે GEB-PDPU સુધીની એક ખાસ બસ-સેવા પણ શરૂ કરેલ છે. વર્કશોપમાં વાહનોની સફાઈ માટે અત્યાધુનિક KRE મશીન ગોઠવવામાં આવેલ છે. તેમજ વર્કશોપમાં રહેલા CNG પમ્પ પર અન્ય ડેપોની બસોને પણ રિફ્યુલીંગ કરી આપવામાં વ્યવસ્થા શરૂ કરેલ છે. હાલ ગાંધીનગર એસ.ટી. ડેપોની ૧૦૦ જેટલી CNG બસો ઉપરાંત આસપાસના ડેપોની બસો આનો લાભ લઈ રહેલ છે.

લોકોની સેવા ઉપરાંત એસ.ટી.ડેપોમાં સમાજ ઉપયોગી કાર્યો પણ થઈ રહ્યાં છે. એસ.ટી.ડેપો દ્વારા ડાયાબીટીસનો કેમ્પ હાલમાં જ સંપન્ન થયો આગામી ૧૭મી ઑકટોબરે બ્લડ કેમ્પનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત નવચંડી યજ્ઞ, સત્યનારાયણ ભગવાનની કથા તેમજ નવરાત્રી, ગણેશોત્સવ જેવા તહેવારોનું એસ.ટી. ડેપોમાં આયોજન થતું રહે છે. જેમાં કર્મચારીઓ તથા તેમના પરિવારો ઉત્સાહભેર ભાગ લેતા હોય છે.

હજુ પણ એસ.ટી.ડેપોની સુવિધાઓમાં ઉત્તરોત્તર સુધારો કરવા શું કરવું જોઈએ? એવા પ્રશ્નના જવાબમાં ડેપો મેનેજરનાં જણાવ્યાં મુજબ તાલીમ પામેલા માણસોની ખુબ અછત છે. જે હાલમાં છે તે લગભગ નિવૃત્તિના આરે છે. હાલનો યુગ કૉમ્પ્યુટરાઈઝેશનનો છે. જો નવી તાલીમ પામેલા યુવાન કર્મચારીઓ મળી જાય તો મુસાફરોની સુવિધાઓનાં હજુ પણ ઝડપી સુધારો થઈ શકે એમ છે તેમ તેમણે જણાવ્યું.

જો કે આ પ્રતિનિધિએ લીધેલી ડેપોની મુલાકાત વખતે ઘણી જગ્યાએ સારી સફાઈનો અભાવ જોવા મળેલ હતો. અમુક જગ્યાએ પાણી તેમજ કાદવની ગંદકી પણ જોવા મળેલ હતી. તેમજ ડામર કામ નીકલી જવાને લીધે ચોમાસાની સિઝનમાં વર્કશૉપ તેમજ એસ.ટી.ડેપોના ચોગાનમાં પાણીના ખાબોચીયાઓ તેમજ દિવાલો પર પીકચારીઓનું ચિતરામણ જોવા મળેલ હતું. જે બાબતે પૂછતાં ડેપો મેનેજરે યોગ્ય પગલાં લઈ સારૂં-સફાઈ પર પૂરતું ધ્યાન આપવામાં આવશે તેવી બાહેંધરી આપી હતી.

સરવાળે જોવા જઈએ તો કુદકે ને ફૂસકે વધી રહેલા પાટનગરના પરિવહનનો પર્યાય બનવાની ગાંધીનગર એસ.ટી.ડેપોમાં સંપૂર્ણ ક્ષમતા છે. તેમજ તાજેતરમાં તેમાં ઘણાં સુધારાઓ પણ જોવા મળેલ છે. જેનો ઉપયોગ કરીને આવનારા દિવસોમાં મુસાફરોને વધુ બહેતર અને ઝડપી આરામદાયક સુવિધાઓ મળતી હશે તેવું લાગી રહ્યું છે.

એકવીસમી સદીમાં વિદેશીઓએ ઉપભોકતાવાદનાં જહાજમાં ફરીથી પગપેસરો કર્યો છે ત્યારે ભારતવર્ષના અધ્યાત્મએ સમાજસેવા અને રાષ્ટ્રીયતાને ભગવા લૂગડે જોવાનું કામ કરવું પડશે

ચિંતનસભા

રાષ્ટ્રપ્રેમનો આધાર આધ્યાત્મિકતા છે

ડો. નાનકભાઈ ભટ્ટ

છપ્પનિયો દુષ્કાળ યમદૂત બનીને લોકોને ભરખી રહ્યો હતો. ભૂખ, રોગ અને રોજગારીનાં અભાવે રાજા-રજવાડાંઓને પણ લાચાર કરી મૂક્યાં હતાં. એ સમયે નર્મદાના કિનારે ગંગનાથના સાધુ કેશવાનંદે મુંબઇનાં સંપન્ન લોકો વચ્ચે જઇ ઝોળી પાથરી.

ગુરૂ બ્રહ્માનંદના શિષ્યે ભારતીય સંસ્કૃતિની સમર્પણ ભાવનાને ઘેર ઘેર પહોંચાડતાં કહ્યું, "જે માત્ર પોતા માટે રાંધે છે અને તેમાં અન્યનો ભાગ રાખતો નથી તે પોતાનું પાપ જમે છે." અને જોતજોતામાં ગંગનાથ મહાદેવનો ભંડારો ભૂખ્યા જનો માટે ઊભરાતો ગયો.

તાત્યા ટોપે, મહર્ષિ, અરવિંદ, બેરિસ્ટર દેશપાંડે, મામા ફડકે, કાકા કાલેકકર જેવા અનેક સેનાનીઓનાં આશ્રયસ્થાન સમા ગંગાનાથનો ઇતિહાસ ૫૦૦૦ વર્ષ પુરાણો છે. પરંતુ ૧૮૫૭ ના બળવા પછી સૈનિકોના છદ્મવેશમાં ગુપ્ત નિવાસ સમો નર્મદાનો તટ અને સૌરાષ્ટ્રનો ડુંગરાળ પ્રદેશ સાધુઓનાં સ્વાતંત્ર્યના ધૂણે લાકડાં સંકોરતા રહેવા માટે જાણીતા બન્યાં. કંઇ વિશેષ ચહલપહલ વિના જ નર્મદાતટ ઉપર અને શિહોરનાં ડુંગરોમાં દેશભક્તિ અને જનસેવાને અધ્યાત્મ સાથે વણી લેવાની પ્રવૃત્તિ વિસ્તરતી રહી.

પાણીપતના યુધ્ધ પછી ભૂગર્ભમાં ઊતરી ગયેલા કેટલાક મરાઠા સરદારો પૈકી સદાશિપરાવ ભાઉ એટલે ભાવગિર્દી તેમજ છત્રપતિ શિવાજી મહારાજના સાથી પ્રભુગુપ્તેનાં વંશજ રંગો બાપજી સાધુવેશે બ્રહ્માનંદ નામ ધારણ કરી ગંગનાથમાં બેઠો છે અને નાના ફડનવીસ શિહોરમાં બેઠો છે તેની જાણ ગાયકવાડી રાજયનાં સૂબા મલ્હારાવને ખરી. પરંતુ અંગ્રેજ શાસન તો ૧૮૫૭ના બળવાનો અગ્ર સેનાની રજુ સક્રિય છે તે બાબતે ચાળીસ વર્ષ સુધી અંધારામાં જ રહ્યું.

છેવટે ૧૯૦૬ માં બ્રિટીશ હકૂમતને ગાયકવાડ તાબાના ડભોઇ પરગણામાં આવેલ ગંગનાથની ભાળ મળી અને લગભગ ૩૬ વર્ષ સુધી મહાદેવના સ્થાનકને તાબામાં રાખી નર્મદાતટના સાધુઓ ઉપર બાજ નજર ગોઠવી.

પણ બે તટે વહેતી નર્મદામૈયાની સાત સાત વખત પરિક્રમા કરી ચૂકેલા સ્વામી બ્રહ્માનંદ માટે તો 'સાધુ તો ચલતા ભલા' ની વાત સાચા અર્થમાં ચરિતાર્થ બની. ભગવા વેશે નર્મદાના કિનારે બેઠેલ ગરવો રાજકારભારી અંગ્રેજોના હાથમાં આવે તેમ નહોતો. પણ નર્મદાના સાન્નિધ્યમાં રાજયોગ અને હઠયોગની સાધનામાં બ્રહ્માનંદ બંધાતા ગયા. મહર્ષિ અરવિંદ પોતાની નોંધમાં લખે છે, "૧૦૮ વર્ષ સુધી સ્વસ્થ આયુષ્ય ધરાવતા બ્રહ્માનંદજી જ્યોતિષ, આયુર્વેદ, ખગોળ અને ગાયન-સંગીતમાં વિદ્વત્તા ધરાવતા હતા. તેઓ કહેતા, 'અમે સંસારને ભલે ત્યાગ આપ્યો હોય પણ આ શરીર તો સંસારમાંથી જ જન્મ્યું છે અને સંસારીઓથી જ પોષાઇ રહ્યું છે.' સંસારી કે સાધુ સહુને માતૃભૂમિના બેટા જાણતા સાધુ બ્રહ્માનંદ માટે તો માતૃભૂમિની મુક્તિ એટલે જે મોક્ષ હતો."

પ્રાચીન સમયની ગંગા સપ્તમીએ જ્યાં માત્ર બહેનોનો મેળો ભરાય છે તેવો સંતોષ અને શાંતિના પ્રાકૃતિક ધામ જેવા ગંગનાથનાં કોતરોમાં મરાઠા, સિંધિયા, હોળકર અને ગાયકવાડ અને સૌરાષ્ટ્રના રાજવીઓને એકસૂત્રે બાંધવામાં પ્રયત્નો થયા. અંગ્રેજો સામે ઉગામવા હથિયારો બન્યાં. સવિશેષ નાનાં નાનાં રજવાડાંઓ વચ્ચે વહેંચાયેલાં છતાં સ્વતંત્ર બનવા માંગતા ભારતવર્ષ માટે "એક સેનાની, એક દેશ" નો મંત્ર સર્વ સ્વીકૃત થયો.

આમ દેશની અખંડિતતા અને અધ્યાત્મના તાણાવાણાને નીરખતાં જણાય છે કે શિવાજી મહારાજની પ્રેરણા રામદાસ હતા. ૧૯૫૭ના બળવાના રોટી - કમલનો સંદેશ લઇ ફરનાર શંકરાનંદ અને ટોકરાનંદ સંન્યાસી હતા. મોગલો સામેના જુલમને પડકારનાર પંચ પ્યારે ગુરૂ ગોવિંદસિંહ કે પછી ભગવદ્ગીતાના બળે સ્વરાજની ખેવના કરતા મોહનદાસ ગાંધીને જોતાં જણાય છે કે ભારતમાં જયારે જયારે શુધ્ધ રાષ્ટ્રપ્રેમનો અગ્નિ પ્રજ્જવલિત થયો છે. ભારતની રાષ્ટ્રભક્તિના જુવાળ પાછળ કોઇ ગૂઢ ઇશ્વરીય શક્તિનો અહેસાસ મળ્યો છે.

"માભોમના પ્રત્યેક સપૂત માટે મને ભઆવ છે." તેવું કહેતાં બ્રહ્માનંદજી કહેતા "માણસે ઊંચા મસ્તકે જીવવું હોય તો એણે મુક્ત અને સ્વમાની પ્રજા તરીકે ઝઝૂમવું પડશે." તેમણે ભાખ્યું હતું કે હિન્દુસ્તાનની પ્રજા એક દિવસ ઉન્નત મસ્તકે જીવશે અને જગતનાં ચોકમાં સ્વતંત્ર પ્રજા તરીકે પોતાનો ભગવો લહેરાવશે.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વહાણમાં બેસી વ્યાપાર કરવા આવેલા વિદેશીઓએ લશ્કરી તકનીક અને રાજ્યવહીવટનાં બળે દેશનાં રજવાડાંઓને ઝુકાવ્યાં. ભારતીયોની વ્યક્તિનિષ્ઠાને સ્વાર્થના દોરે જોડી લાભ ખેંચી તેઓ દેશે ભૂખમરો, વહેમ, બેરોજગારી અને દરિદ્રતાના કૂવામાં ધકેલતાં ગયા. આ સ્થિતિ છતાં પણ રાષ્ટ્રનું અધ્યાત્મ બ્રહ્માનંદ જેવા ગુરૂપદમાં દીપ્તિમાન હતું અને નર્મદા અને શિહોરી માતાનો જળપ્રવાહ જમીનને તૃપ્ત કરતો હતો. દેશ તુટ્યો નહીં, પરંતુ હવે એકવીસમી સદીમાં વિદેશીઓએ ઉપભોકતાવાદનાં જહાજમાં ફરીથી પગપેસરો કર્યો છે ત્યારે ભારતવર્ષના અધ્યાત્મએ સમાજસેવા અને રાષ્ટ્રીયતાને ભગવા લૂગડે જોવાનું કામ કરવું પડશે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩૦મી સપ્ટેમ્બર

- ધારાશાસ્ત્રી, દક્ષિણ આફ્રિકાના ભારતીયોની સમસ્યા રજૂ કરવા યુનોમાં પ્રતિનિધિ તરીકે ગયેલાં શ્રી મહંમદ અલી કરીમ ચાગલાનો જન્મદિન ૩૦-૯-૧૯૦૦.
  મુંબઇ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીસ, અને દ્વિભાષી મુંબઇ રાજયના ગર્વર હતા.
- મહાત્માએ ગૌ સેવા સંઘની સ્થાપના કરી- ૧૯૪૧.
- રંગનાથ રામચંદ્ર દિવાકર કન્નડ, હિન્દી અને અંગ્રેજીમાં પુસ્તકો લખનારા સ્વાતંત્ર્ય સેનાનીનો જન્મદિન.
- નટવરલાલ વીમાવાળા - બાળ સાહિત્યકાર, સંપાદક અને અનુવાદક જન્મદિન - ૧૯૦૦.
- પત્રકાર રામાનંદ ચટોપાધ્યાયનું અવસાન - ૧૯૪૩.

- ઉ. ગુજરાતના વિજાપુરના વતની, પ્રાધ્યાપક ચીનુ મોદીનો જન્મ ૩૦-૯-૧૯૩૯.
  ઇર્શાદ ગઢ, શ્રણોના મહેલમાં કાવ્યસંગ્રહ, ચિનુ મોદીએ એકાંકિ, નવલકથા, ગઝલ, પ્રયોગશીલ નાટકો, વાર્તાઓમાં ધ્યાન કેન્દ્રીક કરીને ગુજરાતી સાહિત્યના અનેક પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.
  ઇર્શાદ ઉપનામથી જાણીતા ગુજરાતના ગૌરવવંત સાહિત્યકાર.

પોલીસ અધિકારી દ્વારા ધરપકડની સત્તા અને જામીનગીરીની સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

હિન્દુ કાયદા મુજબ વડીલોપાર્જિત મિલકત એટલે કે જે મિલકત બાપ-દાદા સમયથી કુટુંબની વહેંચણીમાં મળેલ હોય આવી મિલકત ગણાય છે. સમભાગી વડીલોપાર્જીત મિલકતમાં તમામ પુત્રો-પુત્રીઓનો સરખો ભાગ, હક્ક, હિત પોષાય છે. જેનું કોઇ પણ એક વ્યક્તિને વીલ કરી હસ્તાંક્ષર કરી શકાતું નથી. હિન્દુ નિબંધ, ઉપરથી હિન્દુ લો, અસ્તિત્વમાં આવ્યો જે મુજબ વડીલોપાર્જીત મિલકતમાં તમામ સીધી લીટીના વારસદારોનો સંયુક્ત સહમાલિકી હક્ક આપોઆપ બાય બર્થ એટલે કે જન્મથી જ લાગુ પડે છે.

સંયુક્ત સહમાલિકીની મિલકત અંગે કોઇ એક વ્યક્તિને સહ હિસ્સેદારીને અન્ય સહહિસ્સેદારના હક્ક બાબતે વ્યવસ્થા કે નિર્ણય કરવાનો હક્ક અધિકાર રહેતો નથી. પિતાએ પોતાની હયાતી દરમિયાન મિલકતની વહેંચણી કરેલ ના હોય તો તેમના અવસાન બાદ આવી મિલકતો વારસા અધિનિયમની કલમ ૬ તથા ૮ મુજબ પેઢીનામા જણાવેલ સીધી લીટીના તમામ વારસદારો વચ્ચે સરખે ભાગે વહેંચવામાં આવે છે.

ખેતીની જમીનને વડીલોપાર્જીત જમીન હોય તો તે ઉપજ નીપજમાંથી વસાવેલી તમામ મિલકતો પણ વડીલોપાર્જીત મિલકતમાં સમાવેશ આપોઆપ કરવામાં આવેલ છે.

દા.ત. એક જમીનમાંથી મેળવેલ આવકમાંથી કુટુંબના વડીલ દ્વારા અન્ય જગ્યાએ જમીન ખરીદવામાં આવે તો નથી ખરીદેલ જમીન પણ આપોઆપ હિન્દુ લો મુજબ જ વડીલોપાર્જીત સહમાલિકી હક્કની જમીન ગણાય જેની વહેંચણી વારસા અધિનિયમ ૧૯૨૫ મુજબ જ કરવામાં આવે છે. જો નવીન ખરીદેલ જમીન ના વડીલ દ્વાર કુટુંબની એક જ વ્યક્તિના નામે વીલ આપોઆપ રદબાતલ ગણાય છે. આવી વીલની નોંધ મામલતદારશ્રી વીલના કાયદેસરના પ્રોબેટ સર્ટી ના સીવીલ કોર્ટમાંથી મેળવ્યા સિવાય મંજૂર કરી શકતા નથી, આવી નોંધ રદબાતલ ગણાય છે.

વડીલો દ્વારા વડીલોપાર્જીત મિલકતમાં ગીરો - બોજો કરેલ હોય અને કુટુંબીક જરૂરિયાત પ્રસંગો, ખર્ચ કાઢવા માટે ગીરો મુકેલ હોય અને આપી ગીરો મિલકત કુટુંબના અન્ય સભ્ય દ્વારા પોતાની સ્વ પાર્જિત મિલકતની આવકમાંથી ગીરો મુક્ત કરાવેલ હોય તો આવી ગીરોમુક્ત કરાયેલ મિલકત જે તે વ્યક્તિ છોડનારની સ્વ પાર્જીત મિલકત ગણવામાં આવે છે.

હિન્દુ સકસેશન એક્ટની કલમ - ૬ મુજબ મરનાર વ્યક્તિ પત્ની, ત્રણ દિકરા અને ત્રણ દીકરીઓ પાછળ મુકીને ગયેલ હોય તો ત્રણ દીકરા, ત્રણ દીકરી તથા મરનારની વિધવા પત્ની તમામ મરનારની મિલકતમાં સહમાલિકી ગણાય.

નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાથી એવા નિર્ણય ઉપર આવેલ છે કે પુત્રીઓ પણ કાયદેસર સહમાલિક ગણાય છે. વડીલોપાર્જીત મિલકતનું આખી જમીનનું વીલ કરી શકાતું નથી પરંતુ પોતાના ભાગે આવતી મિલકતનું વીલ કરવાની સત્તા પોતાને નથી મીતાક્ષરી મિલકત ગણાય છે. જેમાં પિતા જેટલો જ હિસ્સો પુત્રને મળે છે. એક કરતાં વધારે પુત્રો-પુત્રીઓ હોય તો તમામ મિલકત સરખા ભાગે વહેંચણીથી વારસાઇ હક્કે ૬ પત્રકમાં નોંધ પાડવામાં આવે છે. તેમજ રેવેન્યુ રેકર્ડ ૭ x ૧૨ ના ઉતારામાં તમામ વારસદારોના નામે આવી જમીન સંયુક્ત સહ માલિકીની ગણાય છે. એક વ્યક્તિ સમગ્ર મિલકત અન્ય ત્રાહિત વ્યક્તિને વેચાણ આપી શકે નહીં તેમજ પોતાના હિસ્સામાં આવતી વણ વહેંચાયેલ સંયુક્ત સહમાલિકીની જમીન અન્ય સહમાલિકી કોની સહી સંમતિ, સાક્ષી સિવાય અન્ય ત્રાહિતને હક્ક હકતાંતર કરી શકતો નથી. આવો કરાર 'નલ એન્ડ વોઇડ' આપોઆપ જ રદબાદલ ગણાય છે.

સંયુક્ત સહમાલિકીની મિલકત અંગે કોઇ એક સહહિસ્સેદારને અન્ય સહહિસ્સેદારના હક્ક બાબતે વ્યવસ્થા કરવાનો હક્ક અધિકાર મળતો નથી. પિતાએ પોતાની હયાતિ દરમિયાન જો મિલ્કતની વહેચણી ના કરેલ હોય તો તેમના ગુજરવાથી તેમના વારસદારો વચ્ચે મિલ્કતની વ્યવસ્થા હિન્દુ વારસા - હક્ક અધિનિયમની કલમ - ૬ તથા ૮ મુજબ વ્યવસ્થા કાયદા મુજબ કરવામાં આવે છે.

'જર, જમીન અને જોરૂ, કજીયાના છોરૂં' એ ઉક્તિ મુજબ પોતાના હયાતિમાં જ વડીલોપાર્જીત મિલકતની હિન્દુ વારસાધારા મુજબ વહેંચણી કરવી જોઇએ જેથી પાછળથી કુટુંબમાં મનદુઃખ તથા ઝઘડા નિવારી શકાય.